# બિન અધિકૃત અને વિદેશ પ્રવાસના કારણે ગેરહાજર રહેલ શિક્ષકો સામે કરેલ કાર્યવાહીનો અહેવાલ

- દૈનિક વર્તમાનપત્રોમાં અને ઇલેક્ટ્રોનિક માધ્યમોમાં ગેરહાજર શિક્ષકોના સમાચારો પ્રસિધ્ધ થયા બાદ જ  સરકારે કાર્યવાહી કરેલ છે  તે વાત સત્યથી વેગળી છે. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ દરમિયાન  વિધા સમીક્ષા કેંદ્ર દ્વારા પ્રાપ્ત થયેલ ઓન લાઇન હાજરીની વિગતો પરથી  ગેરહાજર શિક્ષકોની વિગતો મેળવી  બિન અધિકૃત ગેરહાજર શિક્ષકો સામે નિયમાનુસારની કાર્યવાહી  કરવામાં આવેલ છે.
- વિધા સમીક્ષા કેન્દ્ર ખાતે પ્રાપ્ત થયેલ શિક્ષકોની ઓનલાઇન હાજરીના રીપોર્ટના આધારે વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ દરમિયાન ગેરહાજર શિક્ષકોની માહિતીનો ડેટા લેવામાં આવેલ. સદર ગેરહાજર શિક્ષકોની માહિતુનું એનાલીસીસ કરી તે અંગેની વિગતો સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને નિયમાનુસારની કાર્યવાહી કરવા મોકલી આપવામાં આવેલ. જેમાંથી બિન અધિકૃત ગેરહાજર અને વિદેશ પ્રવાસના કારણે ગેરહાજર રહેલા  ૧૩૪ શિક્ષકોની સામે નિયમાનુસારની કાર્યવાહી કરી ફરજમાંથી બરતરફ કરવાના પગલા લેવામાં આવેલ હતા.
- ચાલુ વર્ષે સમગ્ર રાજ્યના જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં વર્ષ ૨૦૨૩-૨૪ થી વર્ષ ૨૦૨૪-૨૫ માં ત્રણ માસ કે તેથી વધુ સમયથી ગેરહાજર રહેલ હોય તેવા શિક્ષકોની વિગતો મેળવવામાં આવેલ. જેમાં બિન અધિકૃત રીતે ગેરહાજર હોય તેવા ૭૦ શિક્ષકો અને  વિદેશ પ્રવાસના કારણે ગેરહાજર હોય તેવા ૬૦ શિક્ષકો  એમ કુલ ૧૩૦ શિક્ષકોની સામે નાણા વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૬ ના જાહેરનામા મુજબ નિયમાનુસારની કાર્યવાહી કરતા ચાર જિલ્લા અને એક નગર શિક્ષણ સમિતિમાંથી કુલ ૧૦ (દસ) શિક્ષકોને બરતરફ કરવામાં આવેલ છે અને બાકી રહેલા  શિક્ષકો સામે નિયમાનુસારની બરતરફ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.
- ગુજરાત મુલ્કિ સેવા ( રજા ) નિયમો-૨૦૦૨ ની જોગવાઇઓ તથા નાણા વિભાગના વખતો-વખતના ઠરાવને આધિન સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા

સામાન્ય રીતે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખી ૯૦ દિવસ વિદેશ પ્રવાસ કરવાની મંજુરી આપવાની પ્રથા છે જેના આધારે ૯૦ દિવસની વિદેશ પ્રવાસની રજા મંજુર કરવામાં આવે છે.

- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી તા.૦૯/૦૮/૨૦૨૪ થી તા.૧૬/૦૮/૨૦૨૪ દરમિયાન એક અઠવાડિયાથી સતત ગેરહાજર રહેતા શિક્ષકોની વિગતો ઓનલાઇન હાજરીના ડેટાના આધારે મેળવી તેઓની સામે સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા ચકાસણીની કાર્યવાહી હાલ ચાલુમાં છે. જેનો અહેવાલ આગામી એક સપ્તાહમાં મેળવી જો કોઇ દોષિત જણાશે તો તેઓની સામે પણ નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- શિક્ષકોની ગેરહાજરી બાબતે છેલ્લા અઠવાડિયાથી દૈનિક વર્તમાનપત્રમાં આ અંગેના સમાચારો પ્રસિધ્ધ કરવામાં આવે છે. જ્યારે ગેર હાજર શિક્ષકો સામે નિયમોનુસાર શિક્ષાત્મક કાર્યવાહી બે વર્ષ પહેલા પણ કરવામાં આવેલ છે. વર્તમાન પત્રમાં જે શિક્ષકો અંગે સમાચાર પ્રસિધ્ધ થયા તેવા શિક્ષકોની સામે અગાઉથી જ સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા નિયમાનુસાર નોટીસ આપી ખુલાસા માંગવાની કાર્યવાહી કરેલ છે અને કોઇ પણ કર્મચારી વિરુધ્ધ કાર્યવાહી કરવા માટે કાયદા દ્વારા સ્થાપિત સિધ્ધાતો અને પધ્ધતિ પ્રમાણે કાર્યવાહી કરવાની થાય છે અને તે મુજબ કાર્યવાહી હાથ ધરવી તે વહીવટી પ્રક્રિયાનો ભાગ છે જે સતત ચાલતી પ્રક્રિયા છે.